# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-11-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એકતાનગર ખાતે આજથી ભારત પર્વ 2025નો પ્રારંભ.
2. પાક નુકસાનીનો સરવે ત્રણ દિવસમાં પૂર્ણ કરી અહેવાલ સરકારને સોંપવા મુખ્યમંત્રીની સૂચના
3. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્યમાં કમોસમી વરસાદને કારણે લગભગ 250 તાલુકાઓમાં ખેડૂતોને નુકસાન થયું
4. વિવિધ જિલ્લાઓના નવા પ્રભારી મંત્રીઓની જાહેરાત-નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને ગાંધીનગર અને વડોદરાનો હવાલો સોંપાયો
5. આગામી ત્રણ દિવસ રાજ્યમાં કમોસમી વરસાદનું જોર રહેશે

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM BHARAT PARV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, અનેકતામાં એકતા એ જ આપણી વિશેષતા છે. એકતાનગર ખાતે આજથી ભારત પર્વ 2025નો પ્રારંભ કરાવતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

**(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ)**

આગામી 15 નવેમ્બર સુધી યોજાનારા ભારત પર્વમાં ભારતના વિવિધ સાંસ્કૃતિક વારસા, પરંપરા અને કળાત્મક કૌશલ્યનું પ્રદર્શન યોજાશે. તેમજ દરરોજ સાંજે બે અલગ-અલગ રાજ્ય અનોખી પરંપરા અને કળાનું પ્રદર્શન કરશે. 15 નવેમ્બરે ભગવાન બિરસા મુંડા જયંતી નિમિત્તે વિશેષ પ્રસ્તુતિ પણ યોજાશે. આ અગાઉ, જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણીના ભાગરૂપે ભગવાન બિરસા મુંડાના જીવન અને યોગદાન વિશે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ કાર્યક્રમ ઉદ્ઘાટન સત્રનો એકતાનગર ખાતેથી પ્રારંભ થયો.

-------------

# CM MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાક નુકસાનીનો સરવે ત્રણ દિવસમાં પૂર્ણ કરી અહેવાલ સરકારને સોંપવા ઉચ્ચ અધિકારીઓને સૂચના આપી છે.

રાજ્યમાં થયેલા કમોસમી વરસાદથી ખેતી પાકોને થયેલા નુકસાન અંગે મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં આ સંદર્ભમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજીને

રાજ્યના જુદા-જુદા જિલ્લાઓમાં ખેતી પાકોને થયેલા નુકસાનની સમીક્ષા સહિતની બાબતોને પ્રાથમિકતા આપવા જણાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કૃષિ મંત્રી જીતુ વાઘાણી આ બેઠકમાં વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા અને સંબંધિત જિલ્લાઓના નુકસાનની વિગતો આપી હતી.

બેઠકમાં શ્રી પટેલે ખેડૂતો પ્રત્યે સંપૂર્ણ સંવેદનશીલતા દાખવીને આપદાના સમયે તેમની પડખે ઉભા રહેવાના દિશાનિર્દેશો પણ આપ્યા.

-------------

# SANGHAVI SURAT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્યમાં કમોસમી વરસાદને કારણે લગભગ 250 તાલુકાઓમાં ખેડૂતોને નુકસાન થયું છે. સુરતના સેલુત ગામમાં પાક નુકસાનની સમીક્ષા કર્યા બાદ શ્રી સંઘવીએ આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું, મુખ્યમંત્રીએ તાત્કાલિક તમામ મંત્રીઓને તેમના સંબંધિત વિસ્તારોમાં જવા અને ખેડૂતો સાથે રહેવાનો નિર્દેશ આપ્યો છે.

(બાઇટ : હર્ષ સંઘવી – નાયબ મુખ્યમંત્રી)

-------------

# MINISTER DISTRICT CHARGE

રાજ્ય સરકારે વિવિધ જિલ્લાઓના સુવ્યવસ્થિત વહીવટ અને દેખરેખ માટે નવા પ્રભારી મંત્રીઓની જાહેરાત કરી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ, 25 મંત્રીઓને વિવિધ જિલ્લાના પ્રભારી મંત્રી બનાવાયા છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને વડોદરા અને ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી બનાવવામાં આવ્યા છે. જ્યારે નાણાં મંત્રી કનુ દેસાઈને સુરત અને નવસારી જિલ્લાનો પ્રભાર સોંપાયો છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)

*અમરેલી અને રાજકોટ જિલ્લામાં સરકારી કામગીરીમાં અસરકારક દેખરેખ રહી શકે કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીને પ્રભારી મંત્રી બનાવાયા છે. જ્યારે ઋષિકેશ પટેલને અમદાવાદ અને વાવ-થરાદ જિલ્લાનો પ્રભાર સોંપાયો છે. કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાને પોરબંદર અને દેવભૂમિક દ્વારકા, નરેશ પટેલને વલસાડ અને તાપી, અર્જુન મોઢવાડીયાને જામનગર અને દાહોદ જિલ્લાના પ્રભારી મંત્રી બનાવાયા છે. સાબરકાંઠા અને જુનાગઢ જિલ્લાનો પ્રભાર ડૉ.પ્રદ્યુમન વાજા તેમજ ખેડા અને અરવલ્લીનો પ્રભાર રમણભાઈ સોલંકીને સોંપાયો છે. આ ઉપરાંત રાજ્યની ત્રણ મહિલા મંત્રીઓ ડૉ.મનીષા વકીલ, દર્શના વાઘેલા અને રિવાબા જાડેજાને અનુક્રમે છોટા ઉદેપુર, સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લાના પ્રભારી મંત્રી બનાવવામાં આવ્યા છે.*

*મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ*

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# RAIN DISTRICTS

રાજ્યમાં કારતકમાં અષાઢી માહોલ જામ્યો છે. આજે રાજ્યના 106 તાલુકામાં કમોસમી વરસાદના અહેવાલ છે. અમદાવાદના ધંધુકામાં અઢી ઇંચ જ્યારે પોરબંદરમાં બે ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત રાજકોટના લોધિકા, ભાવનગરના ઉમરાળા, ભરૂચના જંબુસર અને સુરેન્દ્રનગરના ચુડા અને સાયલામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. અરવલ્લી જિલ્લામાં માવઠાથી નુકસાન થવાને કારણે ખેતીવાડી વિભાગની ટીમ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ડાંગ જિલ્લામાં  કૃષિ સખી સહિત, કુલ ૬ ટીમો અને જિલ્લાના તમામ સંબધિત ખેતીવાડી અધિકારી દ્વારા ૧૦૦  થી વધુ ગામોમા સર્વે કરી ૨૦૨૮ થી વધુ ખેડૂતોના અંદાજીત ૨૨૬૭  હેકટર ડાંગર, નાગલી

વિગેરે પાકમાં પ્રાથમિક નુકસાની અંગેની માહિતી સમગ્ર ટીમ દ્વારા મેળવવામાં આવેલ છે.

-------------

# WEATHER

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી 24 કલાક માટે  વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર આગામી ત્રણ દિવસ રાજ્યમાં છુટાછવાયા હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

આજે અમદાવાદ,બોટાદ, ભાવનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, દીવ, પોરબંદર, આણંદ, ભરૂચ અને સુરતમાં યેલો અલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અત્યારે અરબસાગરમા બનેલું ડિપ્રેશન નબળું પડી ગયું છે. પણ આગામી 24 કલાક તેની અસર જોવા મળશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્મા આ અંગે વધુ માહિતી આપતા કહ્યું કે...

(BYTE-PRADIP SHARMA)

-------------

# DWARKA DEMOLITION

દ્વારકા શહેરમાં સ્ટેશન રોડ અને જલારામ મંદિર નજીક આજે ગેરકાયદેસરના દબાણ દૂર કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા ગેરકાયદેસર ઊભા કરાયેલા ત્રણ ભવનોનું દબાણ આજે દૂર કરવામાં આવ્યું હોવાનું મામલતદાર અનિલ કુમારે જણાવ્યું હતું.

(બાઇટ : અનિલ કુમાર – મામલતદાર)

-------------

# BHATIGAL MELO-BHARUCH

ભરૂચ જિલ્લાના શુકલતીર્થ ગામ ખાતે દેવ દિવાળી નિમિત્તે પાંચ દિવસીય ભાતીગળ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. દેવ ઉઠી અગિયારસથી દેવ દિવાળી સુધી યોજાતા મેળા માટે ગ્રામ પંચાયત દ્વારા 800 જેટલા સ્ટોલની ફાળવણી કરવામાં આવી છે. ભક્તો પાવન સલીલામાં નર્મદામાં સ્નાન કરે ત્યારે નદીમાં ડૂબી જવાના કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એનડીઆરએફ અને સ્થાનિક તરવૈયાઓની ટીમ પણ તૈનાત રાખવામાં આવશે. સાથે આરોગ્ય વિભાગની ટીમ તેમજ સુરક્ષા વ્યવસ્થા જાળવવા ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાશે, ઉપરાંત એસ.ટી.વિભાગ દ્વારા લોકોની સરળતા માટે એક્સ્ટ્રા બસ પણ દોડાવવામાં આવશે.

-------------

# Akashvani Sangit Samelan

પ્રસાર ભારતી, સંસ્કૃતિ મંત્રાલયના સહયોગથી, આવતીકાલે આકાશવાણી સંગીત સંમેલનની 67મી આવૃત્તિ શરૂ કરશે. આ સંમેલન આ મહિનાની 29મી તારીખ સુધી દેશભરના 24 કેન્દ્રો પર ચાલશે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 1954માં સ્થપાયેલ આકાશવાણી સંગીત સંમેલન ભારતની પ્રખ્યાત સાંસ્કૃતિક પરંપરાનું પ્રતીક છે. તે દેશભરના શ્રોતાઓને હિન્દુસ્તાની, કર્ણાટક અને લોક સંગીતનો અનુભવ કરવાની તક પૂરી પાડે છે. આ સંમેલન ભારતની સમૃદ્ધ સંગીત પરંપરાને સાચવવા, પ્રોત્સાહન આપવા અને લોકપ્રિય બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

-------------

# DANG - SAHAY

ડાંગના જિલ્લાના મોટી દબાસ ગામના મૃતકના વારસદારને ૧૦ લાખ રૂપિયાની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

ડાંગના અમારાં પ્રતિનિધિ મુનિરા શેખના જણાવ્યા અનુસાર વન્યપ્રાણીના હુમલાંને કારણે મોત નિપજતા તેમના વારસદારને ગુજરાત

વિધાનસભા નાયબ મુખ્ય દંડક વિજય પટેલે મૃતકના વારસદારને સરકારના ધારા ધોરણ મુજબની સહાયનો ચેક આપ્યો હતો.

-------------